# 9 ગ્રામસ્વરાજ

15મી ઑગસ્ટ, 1947ના રોજ આપણો દેશ સ્વતંત્ર થયો. આઝાદી આવી, સ્વરાજ આવ્યું. આઝાદીની લડતના સેનાપતિ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તે વેળાએ કહ્યું: 'આ મારી ધારણાનું સ્વરાજ નથી.' ''આઝાદી અધૂરી છે.'' ગાંધીબાપુની આઝાદી એટલે પરસેવો પાડી રોટલો રળનારની આઝાદી, ખેડૂતની આઝાદી, ગામડાંની આઝાદી. જેમાં વિકેન્દ્રિત રાજ્યવ્યવસ્થા હોય જેથી ગામેગામ ગ્રામસ્વરાજની અનુભૂતિ થાય. ગ્રામોદ્યોગ દ્વારા ઉદ્યોગનું વિકેન્દ્રીકરણ હોય. દરેક હાથને કામ મળે, ઈજ્જતની રોટી મળે. અમીર ગરીબના ભેદ ટળે, માલિક મજૂરના ભેદ ટળે, ઊંચનીચના ભેદ ટળે તેવી વ્યવસ્થા તે ગ્રામસ્વરાજ.

આજે અઠ્ઠાવન વર્ષ બાદ વિચારીએ તો પ્રશ્ન થાય છે કે આપણું આ સપનું સાકાર થયું છે ખરું?

આજે ગામડાં એકધારી રીતે ભાંગતાં જઈ રહ્યાં છે. ગામડાંની બુદ્ધિશક્તિ વેપાર, ઉદ્યોગ અને નોકરી માટે અને રોજી રળવા શહેર પ્રતિ જઈ રહી છે. ગામડાંનો શ્રમજીવી અને બુદ્ધિજીવી વર્ગ શહેરોમાં ઘસડાઈ રહ્યો છે. ગામડું સતત ધોવાતું જઈ રહ્યું છે. ગામડાનો કાચો માલ શહેરમાં જઈને જ પાકો બને છે. ખેડૂતને એની ખેતપેદાશની પૂરી કિંમત મળતી નથી. પાકો માલ મોંઘા ભાવે શહેરમાં વેચાય છે. એ બે કિંમતો વચ્ચેના મોટા ગાળા પર શહેરો માતબર બને છે.

કૃષિ-વિષયક ઓજારો-ઉપકરણો પહેલાં ગામમાં બનતાં અને રિપેર થતાં જે હવે શહેરમાંથી તૈયાર મળે છે.

**ગ્રામસ્વરાજ રચનાની કલ્પના**

મહાત્મા ગાંધીએ તેનો માર્ગ બતાવ્યો પરંતુ સ્વરાજ મળ્યા પછી ટૂંકા ગાળામાં ગાંધીજીનું મૃત્યુ થયું - દેશ એમનો ચીંધેલો માર્ગ અપનાવે તે માટેના આગ્રહભર્યા પ્રયત્નો થયા નહિ. આપણે ભૂલી ગયા કે ગામડાંનો નાશ થશે તો હિન્દુસ્તાનનો પણ નાશ થશે.

ગ્રામસ્વરાજ અંગે ગાંધીજીએ પોતાના વિચારો રજૂ કરતાં સ્પષ્ટ જણાવેલું કે, ''ગ્રામસ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. પોતાના જીવનની અત્યંત મહત્ત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પડોશીઓથી સ્વતંત્ર હશે પરંતુ જે બાબતોમાં સહકાર્ય અનિવાર્ય હશે તે બધાં કાર્યોમાં પડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે. એ મુજબ પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. પોતાનાં ઢોરને ચરવાને માટે તેમજ બાળકોની રમતગમતો અને મોટેરાંઓના આમોદપ્રમોદને સારુ તે જમીન અલગ રાખશે. દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નિશાળ અને સભાગૃહ નભાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઈ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે નભાવવામાં આવતા કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પાડી શકશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે. બની શકે ત્યાં સુધી દરેકે દરેક પ્રવૃત્તિ સહકારી પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ચાલશે. ચડતીઊતરતી શ્રેણીઓવાળી જ્ઞાતિવ્યવસ્થા ત્યાં નહિ હોય. દરેક ગ્રામસમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પદ્ધતિવાળી અહિંસા હશે. ગામે રાખવામાં આવતી યાદીમાંથી ગામની ફરજિયાત ચોકી માટે વારા પ્રમાણે ચોકિયાતો પસંદ કરવામાં આવશે. નિયમ પ્રમાણેની નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં

પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે ગામનાં બધાં જાહેર કાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. હાલના માન્ય અર્થમાં શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહિ હોય, એટલે આ પંચાયત પોતાના અમલના એક વર્ષને માટે ગામની ધારાસભા, ન્યાયાધીશી અને કાર્યવાહકમંડળ બનશે. કોઈ પણ ગામ આજે જ આવું પ્રજાસત્તાક બની શકે.''

ગાંધીજીની આ ગ્રામસ્વરાજ રચનાની કલ્પના કેટલી ફળીભૂત થઈ છે તે પ્રશ્ન છે.

**ગ્રામસ્વરાજ શા માટે?**

દેશ મોટા મોટા વિરાટકાય, કેન્દ્રિત ઉદ્યોગો સ્થાપવા તરફ ગયો તેનાં કેટલાંક બૂરાં પરિણામ આવ્યાં. ગામડાઓની જમીન ઉપર ઉદ્યોગવસાહતો સ્થપાઈ. ગામના ઉદ્યોગો તૂટી ગયા. કારીગરો અને મજૂરો બેકાર બન્યા. જમીન વેચીને ખેડૂતો જમીનવિહોણા બન્યા. હાથમાં આવેલા પૈસા વપરાઈ જતાં ગરીબ અને બેહાલ બન્યા. ગામમાં કામ ન મળ્યું એટલે લોકો ગામ છોડી શહેરની નરક જેવી ઝૂંપડપટ્ટીઓમાં પશુ જેવી સ્થિતિમાં જીવવા લાચાર બન્યાં. ગામમાં મળતાં કામ બંધ થયાં.

મોટા ઉદ્યોગોએ ગામના નાના ઉદ્યોગોને તોડી નાખ્યા. મોટા ઘાણા આવ્યા એટલે ઘાંચીની ઘાણી બંધ પડી - મિલો આવી એટલે વણકરની શાળ બંધ પડી. ગોચરની જમીન ગઈ એટલે પશુપાલન પર નભતાં લોકોનો રોટલો ઝૂંટવાઈ ગયો. મોટાં કારખાનાંઓએ પાવડા, કોદાળા, ત્રિકમ બનાવવા માંડ્યાં એટલે ગામમાંથી લુહાર ગયા. પ્લાસ્ટિકનાં ડોલ, તગારાં બનવા માંડ્યાં એટલે ટોપલા-ટોપલી ગૂંથનારા લોકો બેકાર બન્યા. આમ, તમામ કારીગરોનું કામ ઝૂંટવાઈ ગયું.

ઉદ્યોગોએ ઝેરી ધુમાડા આંકવા માંડ્યા. ઉદ્યોગોએ ઝેરી પ્રવાહી અને ઝેરી કચરા વહેવડાવવા માંડ્યા. દૂષિત પ્રવાહી તળાવમાં ગયાં, નદીઓમાં ગયાં અને ભૂતળનાં પાણી રંગીન અને ઝેરી બનવા માંડ્યાં. ઉદ્યોગોએ પાણી ખેંચવા માંડ્યાં એનાથી તળ નીચે ગયાં. ઊંડેથી આવતાં જળમાં ફ્લોરાઇડ, ગંધક, ક્ષાર વગેરે ભળવા માંડ્યાં. આવું દૂષિત પાણી પીવાથી સાંધાનો વા, કિડનીમાં પથરી, અકાળે દાંતનો સડો, ફ્લુરોસીસ, ચામડીના રોગ વગેરે થવા માંડ્યા. પાણી ખેંચવા માટે વીજળી વાપરવી પડે છે તેથી ખેતી મોંઘી થઈ ગઈ. તેથી નહેરનાં પાણીના પાક સાથે હરીફાઈમાં ટકી ન શકાય તેવું થયું. ખનિજો ખોદાવાને કારણે જમીનનાં તળ પોલાં થયાં. પાતાળકૂવાનાં પાણી ખેંચાતાં કૂવાનાં પાણી અલોપ થયાં. નદીઓ ઉપર બંધ થતાં હેઠવાસનાં ગામો નપાણિયાં બન્યાં. પીવાના પાણી માટે ગામડાઓએ ટૅન્કર પર નભવું પડ્યું.

ઝેરી ધુમાડાઓના કારણે આજુબાજુના વાયુ ઝેરી બન્યા. એની અસર પાકના ફૂલ, ફળ પર થઈ. પરંપરાગત પાકો થતા બંધ થયા. ઝાડ પર ફૂલો ખરી જવા લાગ્યાં, ફળો બેસતાં બંધ થયાં કે ખરવા લાગ્યાં. પાકની તરાહ બદલવાની ફરજ પડી. હવે જૂના પાકની જગ્યાએ નવા પાક લેવા પડે છે. રાસાયણિક ખાતર અને દવાનો બેફામ વપરાશ થયો. પરિણામે માણસો જીવલેણ રોગનો ભોગ બન્યા. અનેક પશુપક્ષીઓની પ્રજાતિઓ નાશના આરે આવીને ઊભી છે. પહેલાં ઘર-આંગણાનાં જે પક્ષીઓ જોવા મળતાં તે અદૃશ્ય થયાં. જંગલની પેદાશો છીનવાઈ ગઈ. જંગલમાંથી મળતા લાભ ગિરિજનોને મળતા બંધ થયા તો બીજી બાજુ નાણાંની ધીરધારની નીતિ તથા સુખી માણસોની સમૃદ્ધિ વધી. ખેડૂતની જમીન ઝૂંટવાઈ જવા માંડી.

એક ઊલટી ગંગા વહી રહી છે. શેરડી પાકે ગામમાં ને ખાંડ મળે શહેરમાં. રૂ પાકે ગામમાં ને કાપડ મળે શહેરમાં. તેલીબિયાં પાકે ગામમાં ને તેલ મળે શહેરમાં. આવી કેટલી વસ્તુ ગણાવીએ? બટાટાની કાતરી,

ટમેટાંનું સૂપ - ચટણી, બેસનનું ફરસાણ આ બધું શહેરમાં જ શા માટે બને? ગામમાં કેમ ના બને? કાચો માલ પાકે ગામમાં, પાકો થાય શહેરમાં. કાચા માલ અને પાકા તૈયાર થયેલા માલ વચ્ચે કેટલો ફેર જાણો છો? 1ની 10, 20, 30 અને 40 ગણી કિંમત ખાનારા ઘરાકો ચૂકવે છે. એના પર શહેરની ઈમારતો ખડી છે. પકવનારને પેટ ભરીને ખાવા પણ નથી મળતું કે નથી પરવડતું એટલું મોઘું મળે છે. વચ્ચે વચેટિયાંને ઘી કેળાં થાય છે.

ગામડાંને ટકવું હશે તો એણે આ અધિકારો મેળવવા પડશે. પોતાનું કામ પોતે કરવું પડશે. ગાંધીના વિચારોવાળું ''ગ્રામસ્વરાજ'' પ્રાપ્ત કરી ચલાવવું પડશે. ગ્રામસભાને અધિકારો પ્રમાણે સ્વાયત્ત બનાવવી પડશે. જયપ્રકાશ નારાયણની કલ્પના પ્રમાણે ''ગ્રામપંચાયત અને ગ્રામસભા વચ્ચેનો સંબંધ મંત્રીમંડળ અને ધારાસભા-ગૃહ જેવો હોવો જોઈએ.''

સાચા અર્થમાં ગ્રામસ્વરાજ આવે તેમજ ગ્રામસભાને ધારાસભાગૃહ જેવા અધિકાર મળે તે માટે સમાજના હિતચિંતકો આ વિચારધારાને આગળ ધપાવી રહ્યા છે. ગામડાને સ્વરાજ ભોગવતું બનાવવા, પગભર બનાવવા, સાચું સ્વરાજ આપવું હશે તો નીચેના જેવી પ્રાથમિક શરતો અને અધિકારો આપવા જ પડે :

**ગ્રામસ્વરાજના અધિકારો**

- ગામની સીમની જમીન, જંગલ, જળ અને ખનીજ ગ્રામસભાનાં ગણાય.
- ખેડૂતની જમીન ન ઝૂંટવાય તે માટે ધીરધાર કરનારે જમીન પર ધિરાણ આપતાં પહેલાં ગ્રામસભાની મંજૂરી મેળવવાની રહે.
- ગ્રામપંચાયતો ગ્રામસભાની પ્રતિનિધિ અને ગ્રામસભાને જવાબદાર હોય, ગ્રામસભાની ન્યાય-સમિતિને અદાલતનો અધિકાર અપાય.
- ગામમાં કઈ વસ્તુ આવવા દેવી તથા કઈ વસ્તુ જવા દેવી તેનો નિર્ણય કરવાનો અધિકાર ગ્રામસભાનો હોય.
- ગામના વિકાસની યોજના બનાવવાનો, એને અમલમાં મૂકવાનો અધિકાર ગ્રામસભાને હોય, યોજના માટેનાં નાણાં સરકાર ગ્રામસભાને સોંપે.
- એકથી વધુ ગામોને સ્પર્શતી યોજનાનાં આયોજનો અને અમલીકરણનો અધિકાર જે-તે સ્તરે તાલુકા અને જિલ્લા પંચાયતનો હોય.
- ગ્રામસ્તર પર કામ કરતા સરકારી કર્મચારીઓ ગ્રામસભાને જવાબદાર રહે. એમના પગારની ચુકવણી ગ્રામસભા દ્વારા કરવામાં આવે. એ માટેનાં નાણાં સરકાર ગ્રામસભાને સોંપે.
- કેન્દ્ર અને પ્રાદેશિક સરકારોનાં ગ્રોસ બજેટોના 50 % અથવા વસ્તીના પ્રમાણમાં ગ્રામસભાઓને અપાય.
- વિકેન્દ્રિત ઔદ્યોગિકીકરણ માટે દેશમાં પેદા થતી ઊર્જામાંથી 50 % અથવા વસ્તીના પ્રમાણમાં ઊર્જા ગ્રામવિસ્તારને ઠરાવેલ સમયગાળા દરમિયાન અપાય. સમયનો નિર્ણય ગ્રામસભાઓ સાથે ચર્ચા કરીને જિલ્લા કે તાલુકા સ્તરે થાય.

આવા પ્રકારનું ગ્રામઅધિકારપત્ર નિર્માણ થાય એ જ ગ્રામસ્વરાજ માટે એકમાત્ર ઉપાય છે. તો જ ગ્રામ-સ્વરાજ સિદ્ધ થાય, તો જ ગામડાં સ્વાવલંબી, સમૃદ્ધ, ખમીરવંતાં, શોષણમુક્ત બને.

ગ્રામસભાને વિશેષ સત્તા મળે તો ગ્રામશાસનનું માળખું સક્ષમ રીતે ચાલી શકે. આજે ગામડાની શાસન-પદ્ધતિ નહિવત્ છે. જો તે સુધારવામાં આવે તો નીચેના જેવી કેટલીક પરિસ્થિતિને નાથી શકાય.

- નાણાં ધીરધારને કારણે પણ ખેડૂતની જમીન ઝૂંટવાય છે. તેથી જમીન પર કોઈ પણ જાતનું ધિરાણ આપતા પહેલાં ગ્રામસભાની મંજૂરી લેવાય તેમ ગોઠવાવું જોઈએ. ખેડૂતની જમીન ખેડૂતના હાથમાં રહેવી જ જોઈએ.
- અંગ્રેજો આવ્યા પહેલાં ગ્રામસભાઓને અદાલતી અધિકારો હતા તે પાછા મળવા જોઈએ. જેથી ગામલોકો કોર્ટકચેરીના ખર્ચમાંથી બચી શકે. મધ્યપ્રદેશમાં આદિવાસી વિસ્તારની ગ્રામસભાને ન્યાયિક સત્તાઓ છે.
- ગામમાં મનુષ્યના શરીરને, મનને કે મગજને નુકસાન કરે એવી વ્યસનની ચીજો ન બને. બહારથી આવતા દારૂ, ગુટકા, ભાંગ, ગાંજો, ચરસ, ડ્રગ્સ વગેરે ન આવે એ બધાની મનાઈ કરવાનો અધિકાર ગ્રામસભાને રહે.
- ગામની ભૂગોળ ગામલોકો જાણે તેટલી સરકારી કર્મચારીઓ ન જાણે, તેથી ગામના વિકાસની યોજના સરકાર બનાવે છે તેના કરતાં ગામની સલાહથી યોજના તૈયાર થાય એમાં સરકારી માણસના અનુભવનો લાભ લેવાય. એનાં નાણાં સરકાર ગ્રામસભાને આપે અને એનો અમલ ગામલોકો જ કરે. જોકે આજે કેટલીક યોજનાઓએ આ અભિગમ સ્વીકારવા માંડ્યો છે.
- એકથી વધુ ગામોને અસર કરતી યોજના તાલુકા અને જિલ્લા પંચાયતો મારફતે થાય.

યોજનાઓને કારણે કોઈની જમીન, કોઈનાં ઘર જતાં હોય તો તેનું સમયસર વળતર મળવું, પુનર્વસવાટ થવો વગેરે બાબતનો નિર્ણય ગ્રામસભા કરે અથવા તેના સહકારથી થાય.

- ગામના શિક્ષક વખતસર ન આવે, દિવસોના દિવસ ન આવે, ત્રીજું ધોરણ ભણતા વિદ્યાર્થીને પોતાનું નામ લખતાં પણ ન આવડે એવી દયનીય સ્થિતિ ક્યાંક પ્રવર્તે છે. આમ છતાં ગામલોક શિક્ષકને કંઈ કહી શકતા નથી; કહેવા જાય તો શિક્ષક છણકો કરે, પગાર તમે થોડા જ આપો છો, પગાર સરકાર આપે છે. સરકાર પૂછશે તો જવાબ આપીશું. આવું જ કશુંક ગ્રામસેવક, તલાટી, વૈધકીય કર્મચારી વગેરેનું હોય છે. તેથી આ લોકોના પગારનાં નાણાં સરકાર ગ્રામસભાને સોંપે, ગ્રામસભા ગ્રામપંચાયત દ્વારા આ કર્મચારીઓને ચૂકવે તો ગામમાં કામ કરતા કર્મચારી ગામને જવાબદાર રહે.
- ગામને પોતાનો વહીવટ ચલાવવા, પાણી સંગ્રહ કરવા, ખેતીના વિકાસ માટે, શાળા, બાલવાડી, આંગણવાડી, રમત-ગમત, ઔષધબાગ, દવાખાનું વગેરે માટે પૈસાની જરૂર પડે છે. ગામ પોતે એ બધું કરી ન શકે તે માટે રાજ્યસરકાર અને કેન્દ્ર સરકાર પોતાની આવકમાંથી અડધી કે વસ્તીના પ્રમાણમાં ગામોને ગ્રાન્ટ આપે. કેન્દ્ર અને રાજ્યસરકારોની આવકમાં દેશ આખાનો અધિકાર છે.
- ગામને ઉદ્યોગો અને ખેતી માટે વીજળી જોઈએ છે. દેશમાં પેદા થતી ઊર્જાનો વસ્તીના ધોરણે ગામડાંને લાભ આપવો.

### ગામની શક્તિનાં દર્શન

ગામડાંને ટકાવવા આ અધિકારો આપવા પડશે. પોતાનું કાર્ય પોતે કરવું પડશે. જે-જે બાબતમાં સ્વાવલંબન, સ્વશાસન સાધી શકાય તેવાં સાધનો વિકસાવવાનાં રહેશે. અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ, આરોગ્ય, ઓજાર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેમાં ગામડાંઓએ સ્વાવલંબી બનવું પડશે. પોતાના વહીવટ અને મતભેદ વગેરેની બાબતમાં ગામના સ્તરે જ નિર્ણય કરવાની શક્તિ ગામે પોતે ખીલવવી પડશે.

ગ્રામસ્વરાજના અભિગમને કારણે આજે ગામના સર્વાંગી વિકાસ અને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે તથા છેવાડાના પરિવારોની કાળજી લેવામાં તથા તેમનામાં પડેલી શક્તિઓ ખીલવવા સક્રિય પ્રયત્નો થઈ રહ્યા છે. પછાતવર્ગો માટે તથા બહેનો માટે સરપંચથી માંડીને જિલ્લા પંચાયત સુધીની ત્રિસ્તરીય વ્યવસ્થામાં અનામતનો લાભ આપવામાં આવે છે. ગામોમાં દર વર્ષે ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવે છે. લોકોના, ગામના પ્રશ્નોના સ્થળ પર નિકાલ કરવામાં આવે છે. પ્રધાનમંડળના મંત્રી, સચિવ કે જવાબદાર પદાધિકારીઓ તેમાં હાજર રહી ખાતાના પડતર પ્રશ્નો હોય તેના અધિકારીઓએ ખુલાસા આપવા પડે છે. સ્થળ પર શક્ય તેટલા પ્રશ્નોના નિકાલ થાય છે.

સંત વિનોબાથી માંડીને સમાજના અનેક સંનિષ્ઠ કાર્યકરો, ભૂતપૂર્વ વડા પ્રધાનો, અનેક નિમાયેલ સમિતિઓના સભ્યો તથા સંસદનો અને રાજ્ય સરકારનો કેવો ફાળો રહ્યો છે તેનો પૂર્વસંદર્ભ જોઈ લઈએ.

**ગામડું ભુલાયું**

દેશ આઝાદ થયો તેના પહેલાંથી જ દેશનેતાઓ દેશના બંધારણ અંગે વ્યવસ્થિત વિચાર કરવા માંડ્યા હતા. એ માટે રચાયેલી સમિતિ કામ કરતી થઈ ગઈ હતી. એ બંધારણસભાએ સમવાયી તંત્ર (ફેડરલ માળખું) સ્વીકારીને કેન્દ્ર સરકાર અને રાજ્યસરકાર એમ દ્વિસ્તરીય રાજ્યવ્યવસ્થા પ્રમાણેનું બંધારણ બનાવવાનું ચાલુ કર્યું. આમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સત્તા અને ફરજોની સોંપણી કરવાનું ઠર્યું. આવી સોંપણી ગ્રામસ્તર સુધી વિસ્તારવાની કોઈ જોગવાઈ નહોતી. અર્થાત્ ગામડાં સાવ અછૂતાં રહી ગયાં. આ ખામી અંગે કેટલાક આગેવાનોએ ગાંધીજીનું ધ્યાન દોર્યું. ગાંધીજીનો પ્રતિભાવ તેમના એક લેખમાં પ્રગટ થયો. આ લેખમાં તેમણે જણાવ્યું કે બંધારણસભાની કાર્યવાહી હું સમજી શકતો નથી. મારે કબૂલ કરવું જોઈએ કે બંધારણ તૈયાર થઈ રહ્યું છે તેમાં ગ્રામપંચાયતો વિશે ઉલ્લેખ કે દિશાસૂચન નથી. જનતાના અવાજનો પડઘો આપણા સ્વાતંત્ર્યમાં પાડવો હોય તો આ ઊણપ તાકીદે દૂર કરવા પ્રત્યે ધ્યાન આપવું ઘટે છે. ગાંધીજીના આ લેખનો પ્રભાવ બંધારણસભા ઉપર પડ્યો અને રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોના આર્ટિકલ 40માં કેટલીક જોગવાઈ કરવામાં આવી.

**બંધારણનો આર્ટિકલ-40**

ગાંધીજીની ટકોરને કારણે જે જોગવાઈ વિચારાઈ અને પાછળથી બંધારણસભાએ 40મા આર્ટિકલમાં સમાવી તે ટૂંકમાં આ મુજબ છે :

''રાજ્યો ગ્રામપંચાયતોની રચના કરવા માટે જરૂરી પગલાં લેશે અને તે સ્વશાસનના એકમ તરીકે કામ કરી શકે. તે માટે જરૂરી હોય તેવી સત્તા અને અધિકાર તેમને આપશે.''

હવે ખાટલે મોટી ખોડ એ રહી કે બંધારણના આ આર્ટિકલમાં સમાવાયેલી આ બાબત 'ડાયરેક્ટિવ પ્રિન્સિપલ' માર્ગદર્શક સિદ્ધાંતમાં છે. એટલે કે રાજ્યને જો ઇચ્છા થાય તો તે આ પ્રમાણે કરી શકે પણ ઇચ્છા ન થાય, જરૂરી ન સમજે ન કરે એટલે કે બંધારણમાં સૂચવેલા રાજ્યનીતિના સિદ્ધાંતો રાજ્યોએ અમલમાં મૂકવા જ પડે. એમને એ માટે ફરજ પાડી શકાય પરંતુ તેવું માર્ગદર્શક સિદ્ધાંતનું નથી. કોઈ રાજ્ય આ કલમનો અમલ ન કરે તો અદાલત એને તેમ કરવા માટે ફરજ પાડી શકે નહિ. સત્તાની એક ખાસિયત છે કે એ જેના હાથમાં હોય તે બીજાને એમાં ભાગીદાર બનાવવા ઇચ્છે નહિ એટલે આ કલમ પર અમલ કરવાનું ટળાતું રહ્યું. બીજી બાજુ લોકતંત્રના સુચારુ સંચાલન માટે લોકભાગીદારીની જરૂરત જેમ જેમ સમજાતી ગઈ તેમ તેમ અલગ અલગ રાજકીય દબાણો આવવા માંડ્યાં. પરિણામે મોટા ભાગનાં રાજ્યોએ ઓછેવત્તે અંશે ગ્રામ-પંચાયતોની રચનાના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો અને અમલ કર્યો.

### સામુદાયિક વિકાસ કાર્યક્રમમાં જનતાની ભાગીદારી

પચાસના દાયકા પછી દેશમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમ દેશવ્યાપી સ્તર પર હાથ ધરાયો હતો. પંડિત જવાહરલાલ નહેરુને આશા હતી કે આનાથી દેશની કાયાપલટ થઈ જશે. આખો કાર્યક્રમ એક સદ્ભાવી મંત્રી એસ. કે. ડે.ના મંત્રાલયને સોંપાયો. ઉપરથી નીચે સુધીનું આખું માળખું ભણેલાગણેલા ઑફિસરોને સોંપાયું. મોટા પ્રમાણમાં વાહનો, ઑફિસો અને એના સ્ટાફ વગેરે વડે આ કાર્યક્રમ પાર પાડવાનું વિચારાયું. આચાર્ય વિનોબાનો આ અંગે અભિપ્રાય પૂછવામાં આવ્યો. આખા માળખામાં સરકારી કર્મચારી જ કર્મચારી હતા. જનતાની કોઈ ભૂમિકા નહોતી. વિનોબાએ એમની લાક્ષણિકતાપૂર્વક પૂછ્યું - આ કૉમ્યુનિટી (જનતા) ડેવલપમેન્ટ છે તો એમાં કૉમ્યુનિટી ક્યાં છે? આ તો બધા કર્મચારીઓ જ છે. લોકતંત્રમાં લોક-સહભાગિતાની અનિવાર્ય આવશ્યકતા તરફ આ આંગળી ચીંધવામાં આવી હતી.

રાષ્ટ્રનિર્માણ જેવા મોટા કામમાં સમાજની સક્રિય ભાગીદારી ન હોય તો એ લોકતાંત્રિક માળખામાં તો સફળ ન જ થાય. આ વાત સમજવા જેટલો તળભૂમિનો સ્પર્શ સંબંધિત આગેવાનોને નહોતો. પાછળથી થાગડથીગડ કરવા પ્રયત્ન કર્યો પરંતુ કશું ન વળ્યું. સામાન્ય જનતા એનાથી વેગળી રહી. આ કામ તો સરકારનું છે અને સરકારે કરવાનું છે એવી આમલોકની સમજ પેદા થઈ. આ પરિસ્થિતિનો અભ્યાસ કરવા રાષ્ટ્રીય વિકાસ સમિતિએ તત્કાલીન સંસદસભ્ય શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે એક અભ્યાસજૂથની રચના કરી જે બળવંતરાય મહેતા કમિટી તરીકે જાણીતી થઈ. આ સમિતિએ મુખ્યત્વે નીચેની ભલામણો કરી :

(1) સામુદાયિક વિકાસ કાર્યક્રમમાં લોકોની સહભાગિતાનો અભાવ દૂર કરવા માટે એ કાર્યક્રમો લોકોએ ચૂંટીને મોકલેલા પ્રતિનિધિઓની બનેલી લોકશાહી સંસ્થાઓને સોંપવા જોઈએ. આ માટે ત્રિસ્તરીય સ્થાનિક સરકાર એટલે કે જિલ્લા, તાલુકા અને ગ્રામસ્તરે પંચાયતોની કાયદા દ્વારા રચના કરવી જોઈએ.

(2) આ માટે તેમને સોંપવાનાં કાર્યો, ફરજો, સત્તા અને અધિકારો સ્પષ્ટ રીતે નક્કી કરેલા હોવા જોઈએ અને તેમને જરૂરી વહીવટી સ્ટાફ અને નાણાકીય સાધનો પૂરાં પાડવાં જોઈએ.

### રાજ્યસરકાર અને પંચાયતી રાજ

બળવંતરાય મહેતા સમિતિની ભલામણો ધ્યાનમાં લઈને દેશનાં મોટા ભાગનાં રાજ્યોએ પંચાયતી રાજ માટે કાયદા કર્યા. દેશમાં પંચાયતી રાજના શ્રીગણેશ કરવાનું બહુમાન રાજસ્થાન અને આંધ્રપ્રદેશને જાય છે. ગુજરાતમાં 1961માં પંચાયત અધિનિયમ થયો પણ વાસ્તવમાં ગુજરાતમાં પહેલા તબક્કાનું પંચાયતી રાજ 1963માં અમલમાં આવ્યું. બળવંતરાય મહેતાના સમયમાં આખા દેશમાંથી લોકો ગુજરાતમાં પંચાયતી રાજનું કામ જોવા આવવા લાગ્યાં.

આખા દેશમાં પણ એક દસકા સુધી પંચાયતી રાજ અંગે ખૂબ ઉત્સાહ હતો પણ સત્તાની વહેંચણી સત્તાધીશોને પાલવતી નહોતી. દેશના હિંદીભાષી પટ્ટામાં તો વર્ષો સુધી પંચાયતોની ચૂંટણી કરવામાં આવી નહિ. ક્યાંક એની મુદત નાહક જ વધારી અથવા ક્યાંક બરખાસ્ત કરવામાં આવી. કેટલેક ઠેકાણે જ્યાં ચૂંટણી થઈ હતી ત્યાં પંચાયતોને પૂરતા પ્રમાણમાં નાણાં પૂરાં પાડવામાં આવ્યાં નહિ અને એમને પોતાનાં નાણાકીય સાધનો ઊભાં કરવા માટે પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું નહિ.

### પંચાયતોને બંધારણીય દરજ્જો

પરંતુ જે લોકો પંચાયતી રાજના ખરેખર ટેકેદાર હતા તેવા લોકો લોકતાંત્રિક પદ્ધતિમાંથી લોકનો છેદ ઉડાડાતો જોઈ બેસી રહી શક્યા નહિ. કેન્દ્રની સરકાર અને રાજ્યની સરકારોના આવા વલણ સામે અવાજ ઊઠ્યો. એમને લાગ્યું કે પંચાયતી રાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવે તો એને આ રીતે તદ્દન અવગણી શકાય નહિ.

આ અવાજોમાં સૌથી પ્રબળ અવાજ સર્વોદયી નેતા શ્રી જયપ્રકાશ નારાયણનો હતો. એમનો સ્પષ્ટ અભિપ્રાય હતો કે પંચાયતી રાજ સંસ્થાઓને આપવાની જવાબદારીઓ, સત્તાઓ અને રાષ્ટ્રીય સંશાધનોમાં તેમનો હિસ્સો આ બધી બાબતો બંધારણીય જોગવાઈઓ દ્વારા સુનિશ્ચિત કરી દેવી જોઈએ.

આ રીતે પંચાયતોને બંધારણીય દરજ્જો આપવાની બાબતનો પડઘો 1977માં શ્રી મોરારજી દેસાઈના વડા પ્રધાનપદ હેઠળની કેન્દ્ર સરકારે નીમેલી અશોક મહેતા સમિતિની ભલામણોમાં પડ્યો.

**અશોક મહેતા સમિતિની ભલામણો**

આ સમિતિની અનેક ભલામણો પૈકી અગત્યની કેટલીક નીચે મુજબ હતી :

(1) બંધારણમાં જરૂરી સુધારા કરીને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવો જોઈએ.

(2) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી નિયમિત સમયાંતરે કરવી જોઈએ.

(3) પંચાયતોને બરખાસ્ત કરવાની રાજ્યોની સત્તા મર્યાદિત કરવી અને છ મહિનાની અંદર નવેસર ચૂંટણી કરાવવી ફરજિયાત બનાવવી; એટલું જ નહિ પણ બરખાસ્ત કરવાનાં પગલાં અંગે વિધાનસભાનો વિશ્વાસ મેળવવો.

આ ભલામણો અંગે કોઈ પગલાં લઈ શકાયાં નહિ કારણ કે એ પછી તરત શ્રી મોરારજી દેસાઈની સરકારનું પતન થયું હતું.

**વડા પ્રધાનોના પ્રયાસો**

(1) આમ છતાં ઉપરની ભલામણોનો પહેલો વ્યવસ્થિત પડઘો શ્રી રાજીવ ગાંધીના બંધારણીય સુધારાના ખરડાના રૂપમાં પડ્યો. શ્રી રાજીવ ગાંધી દેશના વડા પ્રધાન હતા ત્યારે તેમણે પંચાયતો માટે 64મો બંધારણીય સુધારો અને નગરપાલિકાઓ માટે 65મો બંધારણીય સુધારો એમ બે સુધારાખરડા પાર્લમેન્ટમાં રજૂ કર્યા હતા પરંતુ રાજ્યસભામાં પૂરતી બહુમતી નહિ મળવાથી તે બન્ને ખરડા નિરર્થક થયા.

(2) આખરે શ્રી નરસિંહરાવ વડા પ્રધાનપદે આવ્યા ત્યારે પંચાયતો માટે 73મા અને નગરપાલિકાઓ માટે 74મા બંધારણીય સુધારા અધિનિયમો એપ્રિલ, 1992માં પસાર કરવામાં આવ્યા. આ પૈકી 73મા બંધારણીય સુધારાની જોગવાઈઓ નીચે મુજબ છે :

73મા સુધારા અર્થાત્ બંધારણના 9મા ભાગની મુખ્ય જોગવાઈઓ :

(1) વીસ લાખથી ઓછી વસ્તીવાળાં રાજ્યો સિવાયનાં તમામ રાજ્યોમાં તેમજ સંઘપ્રદેશોમાં ત્રિસ્તરીય પંચાયતી રાજનું માળખું સ્થાપવું.

(2) ગ્રામસ્તરે ગ્રામસભાની જોગવાઈ કરવી.

(3) ત્રણેય સ્તરની તમામ બેઠકો સીધી ચૂંટણીથી ભરવી.

(4) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોના પ્રમુખોની ચૂંટણી પંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા કરવી.

(5) સરપંચની ચૂંટણી પંચાયતના ચૂંટાયેલા સભ્યો કરે કે ગામના તમામ મતદારો કરે તે બાબત વિધાનસભાએ નક્કી કરવી.

(6) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો આપવી.

(7) ત્રણેય સ્તરમાં સ્ત્રીઓ માટે ત્રીજા ભાગની બેઠકો અનામત રાખવી.

(8) ત્રણેય સ્તરની પંચાયતોનાં અધ્યક્ષપદોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અને સ્ત્રીઓ માટે ત્રીજા ભાગના હોદ્દાઓ અનામત રાખવા.

(9) વિધાનસભા ઠરાવે તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે વસ્તીના પ્રમાણમાં બેઠકો અને અધ્યક્ષપદો અનામત રાખવાં.

(10) બધા જ પ્રકારની અનામત બેઠકો અને હોદ્દાઓ વારાફરતી ફરતા રહે.

(11) વિધાનસભા ઠરાવે તો નીચેના સ્તરની પંચાયતના અધ્યક્ષોને ઉપલા સ્તરની પંચાયતમાં પ્રતિનિધિત્વ આપવું.

(12) ત્રણેય સ્તરની પંચાયતોની મુદત પાંચ વર્ષની રહેશે અને આ મુદત પૂરી થવાની હોય તે પહેલાં નવી પંચાયતની ચૂંટણી કરવી.

(13) બરખાસ્ત કરેલી તમામ પંચાયતોની નવેસર ચૂંટણી છ મહિનામાં અચૂક કરવી અને નવી ચૂંટાયેલ પંચાયતની મુદત વિસર્જિત પંચાયતની બાકી રહેલી મુદત પૂરતી જ રાખવામાં આવશે.

(14) પંચાયતોને પૂરતા અધિકારો, ફરજો અને જવાબદારીઓ સુપરત કરવાં. આ માટે દેશના બંધારણમાં 11મી અનુસૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. (યાદી આગળ આપેલી છે.)

(15) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજના તૈયાર કરવાની તેમજ તેનું અમલીકરણ કરવાની ફરજ દરેક પંચાયતની રહેશે.

(16) પંચાયતોને નીચેની સત્તાઓ આપવા માટે કાયદામાં જોગવાઈ કરવા વિધાનસભાઓને સૂચના આપવામાં આવી છે :

(ક) કરવેરા, જકાત, ફી વગેરે નાખવા, ઉઘરાવવા અને તેનો ઉપયોગ કરવાની પંચાયતોને સત્તા.

(ખ) રાજ્યે નાખેલા અને વસૂલ કરેલા કરવેરાની રકમ પંચાયતોને ફાળવવી.

(ગ) રાજ્યના એકત્રિત ભંડોળમાંથી પંચાયતોને સહાયક અનુદાન આપવાની જોગવાઈ કરવી.

(ઘ) પંચાયતોએ મેળવેલ આવક જમા કરવા અને તેમાંથી ઉપાડ કરવા માટે નિધિની રચના કરવાની જોગવાઈ કરવી.

(17) દર પાંચ વર્ષે રાજ્ય નાણાપંચની નિમણૂક કરવામાં આવશે. આ નાણાપંચ પંચાયતોની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરશે અને નીચેની બાબતો અંગે રાજ્યસરકારને ભલામણ કરશે :

(ક) રાજ્ય તરફથી પંચાયતોને સુપરત કરવાના કર, જકાત, ટૉલ અને ફી

(ખ) કરવેરા અને જકાતની ચોખ્ખી આવકમાં રાજ્યને અને પંચાયતોને ફાળવવાનો હિસ્સો નક્કી કરવો.

(ગ) રાજ્યના એકત્રિત ભંડોળમાંથી પંચાયતોને આપવાનું સહાયક અનુદાન

(18) તમામ પંચાયતોની ચૂંટણીનું સંચાલન રાજ્યચૂંટણીપંચ કરે.

(19) પંચાયતોના હિસાબ અને તેના ઑડિટ અંગેની પદ્ધતિ વિધાનસભા કાયદાથી ઠરાવશે.

(20) આ બંધારણીય સુધારા અધિનિયમ અમલમાં આવે તેના એક વર્ષની અંદર દરેક રાજ્યની વિધાનસભાએ આ અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત થાય તેવી રીતે તેમના હાલના પંચાયત કાયદા સુધારવા કે રદ કરીને નવેસરથી ઘડવાની આદેશાત્મક સૂચના છે.

ઉપરની આદેશાત્મક સૂચના મુજબ દેશનાં તમામ રાજ્યોની વિધાનસભાઓએ 73મા બંધારણીય સુધારાની જોગવાઈઓ સાથે સુસંગત થાય તેવા પંચાયતધારા ઘડ્યા. આમ, બીજા તબક્કાનું પંચાયતીરાજ દેશમાં દાખલ થયું.

આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે પંચાયતોને સુપરત કરવાની સત્તા અને ફરજો ખાસ કરીને જે વિષયો બાબતમાં હોવી જોઈએ તે અંગેની યાદી 11મી અનુસૂચિના રૂપમાં પૃષ્ઠ 104 પર આપી છે :

### 11મી અનુસૂચિ (અનુચ્છેદ 243-જી)

(1) ખેતી-વિસ્તરણ સહિત ખેતી

(2) જમીનસુધારણા, જમીનસુધારણાનું અમલીકરણ, જમીનનું એકત્રીકરણ અને ભૂમિસંરક્ષણ

(3) ગૌણ સિંચાઈ, પાણીવ્યવસ્થા અને વૉટર શેડ વિકાસ

(4) પશુપાલન, ડેરીઉદ્યોગ અને મરઘાં-બતકાં ઉછેર

(5) મત્સ્યોદ્યોગ

(6) સામાજિક વનીકરણ અને ફાર્મ વનીકરણ

(7) ગૌણ વનપેદાશ

(8) ખાદ્યપ્રક્રિયા સહિતના લઘુઉદ્યોગો

(9) ખાદી ગ્રામોદ્યોગ અને કુટિરઉદ્યોગ

(10) ગ્રામ ગૃહનિર્માણ

(11) પીવાનું પાણી

(12) બળતણ અને ઘાસચારો

(13) રસ્તાઓ, ગરનાળાં, પુલો, નૌકાઘાટ, જળમાર્ગો અને વાહનવ્યવહારનાં બીજાં સાધનો

(14) વીજળી વિતરણ સહિત ઊર્જાસાધનો

(15) બિનપરંપરાગત ઊર્જાસાધનો

(16) ગરીબી નાબૂદી કાર્યક્રમ

(17) પ્રાથમિક અને માધ્યમિક સહિતનું શિક્ષણ

(18) ટેક્નિકલ તાલીમ અને વ્યાવસાયિક શિક્ષણ

(19) પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ

(20) ગ્રંથાલયો

(21) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

(22) બજારો અને મેળા

(23) હૉસ્પિટલો, પ્રાથમિક સ્વાસ્થ્યકેન્દ્રો અને દવાખાનાઓ સહિત આરોગ્ય અને સ્વચ્છતા

(24) કુટુંબકલ્યાણ

(25) મહિલા અને બાળવિકાસ

(26) વિકલાંગ અને મંદબુદ્ધિવાળી વ્યક્તિઓના કલ્યાણ સહિત સમાજકલ્યાણ

(27) નબળા વર્ગોનું અને ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું કલ્યાણ

(28) જાહેર વિતરણવ્યવસ્થા

(29) સામુદાયિક મિલકતની જાળવણી

### ગ્રામસભા

73મા બંધારણીય સુધારાની એક મહત્ત્વની બાબત એ છે કે ગ્રામસભાને પહેલી જ વાર એપ્રિલ, 1992માં દેશના બંધારણે માન્યતા આપી. ગ્રામસભાઓ પહેલાં નહોતી એવું નથી પણ ગ્રામપંચાયતોની જેમ તેને પણ અગાઉ બંધારણીય દરજ્જો નહોતો. આ બંધારણીય સુધારાએ ગ્રામસભાને બંધારણીય દરજ્જો બક્ષ્યો અને બધાં રાજ્યોમાં ગ્રામ કક્ષાએ ગ્રામસભાની આવશ્યકતા હોવાનો નિર્દેશ આપ્યો.

**ગ્રામસભાની વ્યાખ્યા :** પંચાયતના વિસ્તારમાં પડતાં ગામની મતદારયાદીમાં જેમનાં નામ નોંધાયેલાં હોય તેવી વ્યક્તિઓનો બનેલો સમૂહ તે ગ્રામસભા.

પંચાયતી રાજ સંસ્થાઓનું બુનિયાદી એકમ ગ્રામસભા છે.

ગ્રામસભાની સંસ્થા લોકશાહીના મૂળ સમાન છે અને તે સંસ્થાને યોગ્ય સિંચન અને માવજત કરવામાં આવે તો લોકશાહીનું વૃક્ષ પૂર્ણ રીતે પાંગરશે. ગ્રામપંચાયત અને ગ્રામજનતાને તેની સાચા અર્થમાં જાણ થાય. આમ તે કક્ષાની પાયાની લોકશાહી સંસ્થાનું સ્વરૂપ ખીલી ઊઠે તે જરૂરી છે.

**ગ્રામસભાનાં ખાસ નોંધપાત્ર પાસાં**

(1) ગ્રામસભા એ શાસનવ્યવસ્થાનું એક એવું અજોડ માધ્યમ છે જ્યાં લોકોની સીધી ભાગીદારીવાળી લોકશાહી ચાલે છે. દેશમાં અન્યત્ર પ્રતિનિધિઓ મારફતે શાસન ચલાવવામાં આવે છે.

(2) ગ્રામસભાનું બીજું અદ્વિતીય પાસું એ છે કે ગ્રામસભા એ સ્વયંભૂ છે એને કોઈ ચૂટતું હોતું નથી. ગામની મતદારયાદીમાં નામ હોય તે તમામ મતદારો આપોઆપ ગ્રામસભાના સદસ્ય ગણાય છે. ગામના નોંધાયેલા મતદારોની બનેલી સંસ્થા એટલે ગ્રામસભા.

(3) ગ્રામસભા એ ચૂંટણી દ્વારા ચૂંટાતી તમામ લોકતાંત્રિક સંસ્થાઓની માતા છે. એના સભ્યો જ ગ્રામપંચાયતને, સરપંચને, તાલુકા પંચાયતને, જિલ્લા પંચાયતને, વિધાનસભાને અને લોકસભાને ચૂંટે છે.

73મા બંધારણીય સુધારા પછી એક વધુ આવકારદાયક ઘટના 1996માં બની. આદિવાસી વિસ્તારો માટે થોડા અલગ પ્રકારના પંચાયતી રાજની જોગવાઈ કરવા માટે દેશની પાર્લામેન્ટે કેન્દ્રીય કાયદો કર્યો. જે રાજ્યોમાં આદિવાસી વિસ્તારો છે. જેમ કે ગુજરાત. અહીં 32 આદિવાસી તાલુકા છે તે રાજ્યોના એવા વિસ્તારોમાં સદરહુ કેન્દ્રીય કાયદાની જોગવાઈઓને સુસંગત હોય તેવો પંચાયત કાયદો કરવાનો નિર્દેશ એ કાનૂને આપ્યો. આ કાયદામાં ગ્રામસભાને ઘણી સત્તા આપી છે. ગુજરાતમાં પણ આદિવાસી વિસ્તારની પંચાયતોને તેમજ ગ્રામસભાને બિનઆદિવાસી વિસ્તારની પંચાયતો અને ગ્રામસભા કરતાં વધુ અધિકારો આપવામાં આવ્યા છે જે પૈકી કેટલાક નીચે પ્રમાણે છે :

**આદિવાસી વિસ્તારની ગ્રામસભાના વિશેષ અધિકારો અને ફરજો**

(1) ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ, રિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારોની પતાવટની રૂઢિ સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો.

(2) સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ અને કાર્યક્રમો તથા પ્રૉજેક્ટોનો અમલ ગ્રામ-પંચાયત હાથ ધરે તે પહેલાં એવી યોજનાઓ, કાર્યક્રમો અને પ્રૉજેક્ટો ગ્રામસભા પાસે મંજૂર કરાવવા પડશે.

(3) ગામમાં ગરીબીનિવારણ અને બીજા કાર્યક્રમોના લાભાર્થી શોધી કાઢવાની અને પસંદ કરવાની જવાબદારી ગ્રામસભાએ નિભાવવી પડશે.

(4) ગ્રામપંચાયતો યોજનાઓ, કાર્યક્રમો અને પ્રૉજેક્ટો અંગે જે કંઈ ફંડ વાપરે તેના વપરાશ માટેનું પ્રમાણપત્ર તેમણે ગ્રામસભા પાસેથી મેળવવું પડશે.

**ગ્રામસભાઓને સત્તા આપવા અંગે કેન્દ્ર સરકારનું વલણ**

બિનઆદિવાસી એટલે કે સામાન્ય વિસ્તારોની ગ્રામસભાઓને આટલી સત્તા અને અધિકારો હજુ અપાયા નથી, તે આપવા જોઈએ એવી સૂચના કેન્દ્રના ગ્રામીણ ક્ષેત્ર અને રોજગાર વિભાગના રાજ્યમંત્રી શ્રી બાબા ગૌડા પાટીલે 1999માં તમામ રાજ્યોને કરી છે. એમણે આપેલી સ્પષ્ટ સૂચનાઓ સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.

**ગ્રામસભાના અધિકાર અંગે કેન્દ્ર સરકારની ભલામણો**

(1) ગામનાં પરાં તેટલી ગ્રામસભા ગણવી એટલે કે ગામમાં એકથી વધારે ગ્રામસભા હોઈ શકે.

(2) ગ્રામસભા આખા ગામની સૌથી વડી સભા છે. ગ્રામપંચાયતે ગ્રામસભાના હાથ નીચે તેની આગેવાની અને દોરવણી પ્રમાણે કામ કરવાનું રહેશે.

(3) વિકાસનું કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં ગ્રામસભાની મંજૂરી મેળવવી ફરજિયાત છે. વિકાસનું પહેલું કામ કયું કરવું તે ઠરાવવું. એ કામ માટે બજેટ મંજૂર કરવું. ખર્ચ તથા પૈસાની લેવડદેવડ બરાબર છે કે નહિ તે તપાસી પ્રમાણપત્ર આપવું એ ગ્રામસભાનાં ફરજ અને અધિકાર છે.

(4) ગમે તેવો મોટો અધિકારી હોય ગામનાં જળ, જંગલ અને જમીન અંગે કોઈ પણ નિર્ણય કરતાં પહેલાં ગ્રામસભા સાથે ચર્ચા કરવી અને સંમતિ મેળવવી જરૂરી છે.

(5) નશીલી વસ્તુઓનું ઉત્પાદન, ખરીદવેચાણ, ઉપયોગ અને આયાત-નિકાસ તથા પ્રતિબંધ મૂકવાનો તથા ગ્રામસભા ઇચ્છે તો ગામમાં સંપૂર્ણ નશાબંધી કરવાનો અધિકાર ગ્રામસભાને હોવો જોઈએ.

(6) ગ્રામસભાની બેઠકોમાં કોરમમાં મહિલાઓ, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિની સક્રિય હાજરી અનિવાર્ય બનવી જોઈએ.

(7) કુદરતી ન્યાય પ્રમાણે પોતાના નિર્ણય કરવાની અને કામ કરવાની રીતો નક્કી કરવાનો અધિકાર ગ્રામસભાને હશે. સરકારી નિયમો કેવળ માર્ગદર્શક હશે.

આ બધી બાબતોને ધ્યાનમાં લેતાં શિક્ષણ, આરોગ્ય, પાણી, સ્વચ્છતા, વ્યસનમુક્તિ, ગરીબીનિવારણ, રોજગારીવ્યવસ્થા, પશુપાલન, ખેતી, ગ્રામ્યઉદ્યોગ અને સહકારી પ્રવૃત્તિ અંગે ગ્રામસભાની ફરજો અંગે વિગતે વિચારવું જોઈએ.

ગામની સામાજિક અને શૈક્ષણિક તથા વહીવટી તંત્રને લગતી સંસ્થાઓ જેમને સહકારી કે સરકારી અનુદાન મળતું હોય તે અને તેના કર્મચારીઓ ગ્રામસભાના નિયંત્રણમાં હોવાં જોઈએ.

આરોગ્ય કાર્યકર ગ્રામસભાને જવાબદાર હશે. ગામને સ્વચ્છ પાણી મળી રહે તે માટેની યોજનાઓ ગ્રામસભા દ્વારા અમલમાં આવશે. ગ્રામસભા આરોગ્યશિબિર, બાળતંદુરસ્તી હરીફાઈ વગેરે યોજશે. ગામમાં ગુટકા, દારૂ વગેરે પ્રવેશ ન કરે તેની સત્તા ગ્રામપંચાયતની હશે. ગામડાં પશુપાલન, ખેતી, ગ્રામોદ્યોગ, સહકારી પ્રવૃત્તિ વગેરે માટે યોગ્ય નિર્ણયો કરશે. ગ્રામોદ્યોગ - ગૃહઉદ્યોગ અંગે વિચારશે.

ગામડાંને રામરાજ્ય-ગ્રામરાજ્ય બનાવવાં હોય, સાચા અર્થમાં ગ્રામસ્વરાજનાં મીઠાં ફળ છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્યસરકારની વિવિધ યોજનાઓ ગ્રામસભા દ્વારા ગામના વિકાસમાં યોજીને ગરીબીનિવારણ માટેના પ્રયત્નો થવા જોઈએ. કોઈ અન્ન-વસ્ત્ર વગરનો ના રહે તેની ચિંતા ગ્રામસભા કરશે.

ગામના વિકાસનાં કામોની અગાઉ જણાવી તેવી યોજનાઓનો લાભ લઈને ગામમાં ગરીબીરેખા નીચેના અને અનામત વર્ગના દરેક કુટુંબને રોજગારીવ્યવસ્થા અંગે ગ્રામસભા નવાં નવાં ક્ષેત્રો ખોલશે.

પશુપાલન અને ખેતી એક બીજાને પૂરક છે. તે માટે જરૂરિયાતમંદોને લોનસહાય મળે છે તેનો લાભ યોગ્ય વ્યક્તિને અપાવવા ગ્રામસભા તત્પર રહેશે.

ગામના વિકાસનાં મોટા ભાગનાં કાર્ય જૂથ બનાવીને તથા સહકારી મંડળીઓ રચીને કરવામાં આવશે.

ગ્રામસભા દ્વારા સમાન હેતુઓવાળી વ્યક્તિઓને પ્રોત્સાહિત કરી ફરીને 'રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું' બને તે માટે આપણા ગ્રામોદ્યોગ - ગૃહઉદ્યોગને પુનઃ ધબકતા કરશે.

આમ છતાં ગુજરાતમાં ગ્રામસભાના સશક્તિકરણ સામે કેટલાક અવરોધો પણ છે :

(1) આપણો પંચાયતી ધારો ગ્રામસભાને માત્ર સલાહકારનો દરજ્જો આપે છે. ગ્રામસભાએ કરેલા ઠરાવોનો અમલ કરવો કે નહિ તે નક્કી કરવાની સત્તા પંચાયતને છે.

(2) ગ્રામસભાની આ નિર્બળતા ગ્રામજનો સ્વાનુભવે સમજતા હોય છે તેથી ગ્રામસભાની બેઠકમાં હાજર રહેવા માટે ઉત્સાહ નબળો પડે છે.

(3) ગ્રામીણ સમાજમાં નાત-જાતના અનેક ભેદભાવો પ્રવર્તતા હોય છે. દલિતો-ગરીબોને ગ્રામસભા દ્વારા ન્યાય મળશે તેવી શ્રદ્ધા હોતી નથી.

● અનેક સ્થળે ગામડાંનો નાનો સમૃદ્ધ વર્ગ ગામડાંના આર્થિક વ્યવહારો ઉપર સારા પ્રમાણમાં વર્ચસ્વ ધરાવતો હોય છે. તે અન્ય લોકો સમૃદ્ધ બને તેવું ઇચ્છતા નથી. સ્થાપિત હિતોનો સવિશેષ અવરોધ જણાય છે.

પરંતુ દેશનાં અન્ય કેટલાંક રાજ્યોના પંચાયતધારાઓએ ગ્રામસભાને સબળ બનાવવા માટે નીચેના જેવી કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરી છે :

**(1) કરવેરા અંગે :**

નવા કરવેરાની દરખાસ્તો કે હાલના કરવેરામાં વધારો કરવાની દરખાસ્તો ગ્રામસભા સમક્ષ રજૂ કરવી જોઈએ એવી જોગવાઈ આંધ્રપ્રદેશના પંચાયતધારામાં છે.

**(2) સ્કીમો અને લાભાર્થીની પસંદગી :**

ગરીબીનિવારણની યોજનાના લાભાર્થીઓની અને સ્કીમોની પસંદગી ગ્રામસભા મારફતે કરવાની જોગવાઈ આંધ્રપ્રદેશ, આસામ, કેરાલા અને કર્ણાટકના પંચાયતના ધારામાં છે. ગુજરાતમાં વહીવટી સૂચનાથી સરકાર આ કામગીરી કરે છે.

**(3) બજેટ અંગે :**

બિહાર, હરિયાણા અને રાજસ્થાનના પંચાયતધારા અન્વયે ગ્રામપંચાયતે પોતાનું બજેટ અને વિકાસનો પ્લાન ગ્રામસભા સમક્ષ ચર્ચા માટે મૂકવો પડે છે. પંજાબ અને તામિલનાડુના પંચાયતધારામાં ગ્રામસભાને પંચાયતનું બજેટ અને વિકાસપ્લાન મંજૂર કરવાની સત્તા આપી છે.

સિક્કિમ રાજ્યે એવું ઠરાવ્યું છે કે જે વિકાસકામો ગ્રામસભાએ મંજૂર કર્યાં હશે તે જ કામોનો અમલ કરી શકાશે.

**(4) અવિશ્વાસનો પ્રસ્તાવ :**

મધ્યપ્રદેશની વિધાનસભાએ ગ્રામપંચાયતના સરપંચને અવિશ્વાસના પ્રસ્તાવ દ્વારા દૂર કરવાની સત્તા કાયદા દ્વારા ગ્રામસભાને આપી છે.

(5) બિહાર, હિમાચલ પ્રદેશ, મણિપુર અને રાજસ્થાનના પંચાયતધારા ગ્રામપંચાયતોના કામો ઉપર નજર રાખવા માટે ગ્રામસભાને એક કે વધુ તકેદારી સમિતિની રચના કરવાની સત્તા આપે છે.

(6) પશ્ચિમ બંગાળના પંચાયતધારામાં એક કે વધુ લાભાર્થી સમિતિઓ ગ્રામસભા નીમી શકે એવી જોગવાઈ છે. આ સમિતિમાં પંચાયતના સભ્યો ન હોય એવા નાગરિકોને સ્થાન આપવામાં આવે છે.

**ગ્રામસ્વરાજનાં ગામડાંનું ભાવિ**

આપણે જોયું કે સમગ્ર દેશમાં વિવિધ ક્ષેત્રે ગ્રામસભાને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. 73મા બંધારણીય સુધારાનો આ પ્રતાપ છે. જેથી જેમ અનુભવ થશે તેમ તેમ વિકેન્દ્રિત વ્યવસ્થા માટે સરકાર પણ

આતુર છે. જરૂર પ્રમાણે બંધારણમાં સુધારા થશે અને એક દિવસ ગ્રામસભા સર્વેસર્વા હશે. કેટલાક પ્રજાકીય સેવકોએ આ કાર્યને પોતાના જીવનનો ભાગ બનાવ્યો છે : ''અમારી કલ્પનાના ગ્રામસ્વરાજ્યનું ગામડું ઈન્ટરનેટ મારફતે આખી દુનિયા સાથે જોડાયેલું હશે. પોતાના પ્રશ્નોના જવાબ એ ઈન્ટરનેટ અને વેબસાઈટ પરથી મિનિટોમાં મેળવી શકતું હશે. એનું સ્વાવલંબન પરસ્પરાવલંબનનું વિરોધી નહિ હોય. એ પોતાનાં કુદરતી સાધનો પવન, સૂર્યની ગરમી, પ્રકાશ, પાણી વગેરેનો વિવેકપૂર્વક ઉપયોગ કરી આજના કરતાં અનેકગણી સગવડો ભોગવતું હશે. એ પોતાની અન્ન, જળ, આવાસ, વસ્ત્ર, ઊર્જા જેવી કેટલીક બાબતોમાં વિવેકપૂર્ણ સ્વાવલંબનવાળું હશે, પણ એ સ્વાવલંબન પોતાને જ હાનિ કરી શકે તેટલી હદે ઝનૂની નહિ હોય.

એને ન્યાયતંત્રના અધિકારો પણ હશે. પોતાની વિકાસયોજના ગામડું પોતે બનાવશે... યોજના મોટે ભાગે ગ્રામસમાજ જ સાકાર કરશે.''

## સ્વાધ્યાય

**1.** આપેલા વિકલ્પોમાંથી સાચો (અ બ ક ડ) જવાબ પસંદ કરીને લખો :

(1) આઝાદીની લડતના સેનાપતિ કોણ હતા ? ☐
- (1) જવાહરલાલ નહેરુ
- (2) મહાત્મા ગાંધી
- (3) સંત વિનોબા
- (4) સરદાર વલ્લભભાઈ પટેલ

(2) વણકરની શાળ બંધ પડી. ☐
- (1) પરદેશી કાપડ આવવાથી
- (2) દરેક જાતે કાંતવા-વણવા લાગ્યા.
- (3) મિલો આવવાથી
- (4) ટકાઉ કપડાં શોધાયાં માટે

(3) આર્ટિકલ-40ની જોગવાઈ અસરકારક નીવડી નહિ કારણ કે... ☐
- (1) તે માર્ગદર્શક સિદ્ધાંતમાં સમાવી હતી.
- (2) તે બરાબર રજૂ થઈ નહોતી.
- (3) રાજનીતિના સિદ્ધાંતમાં સમાયેલી હતી.
- (4) રાજનેતાઓની તે તરફ સૂગ હતી.

(4) ગુજરાતમાં પહેલા તબક્કાનું પંચાયતી રાજ ક્યારે અમલમાં આવ્યું ? ☐
- (1) 1961
- (2) 1963
- (3) 1950
- (4) 1947

(5) દેશમાં પંચાયતી રાજના શ્રીગણેશ કરવાનું બહુમાન કયા રાજ્યને ફાળે જાય છે ? ☐
- (1) ગુજરાત
- (2) રાજસ્થાન
- (3) બિહાર
- (4) મહારાષ્ટ્ર

(6) ગુજરાતમાં પંચાયત અધિનિયમ ક્યારે થયો ? ☐

(1) 1961

(2) 1963

(3) 1962

(4) 2001

**2.** નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :

(1) ગાંધીજીના ગ્રામસ્વરાજમાં જ્ઞાતિઓની વ્યવસ્થા કેવી હશે ?

(2) દૂષિત પાણી પીવાથી કેવા કેવા રોગ થાય છે ?

(3) ઊંડેથી આવતા પાણીમાં કેવી ખરાબીઓ ભળવા લાગી ?

(4) ગ્રામસભાની વ્યાખ્યા આપો.

(5) ગાંધીજી કેવી રાજ્યવ્યવસ્થા ઇચ્છતા હતા ?

(6) લોકોની આંધળી દોટ શહેરો તરફ કેમ હોય છે ?

(7) ગાંધીજીના ગ્રામસ્વરાજમાં જ્ઞાતિઓની ગોઠવણ કેવી હશે ?

**3.** નીચેનાનાં કારણો આપો :

(1) રાજીવ ગાંધીએ ખરડો રજૂ કર્યો પણ પરિણામ ન આવ્યું.

(2) લોકો ગામડાં છોડી શહેરો તરફ ઝૂંપડપટ્ટીઓમાં ગયા.

(3) કૂવાનાં પાણી અલોપ થયાં.

(4) સામુદાયિક વિકાસયોજનાઓ અંગે વિનોબાને સંતોષ ન થયો.

(5) અશોક મહેતા સમિતિની ભલામણો અંગે કોઈ પગલાં લઈ શકાયાં નહિ.

**4.** નીચેના પ્રશ્નોના ચારથી પાંચ વાક્યોમાં ઉત્તર આપો :

(1) પાણી દૂષિત કેવી રીતે થયું ?

(2) પર્યાવરણ દૂષિત થવાથી ખેતી પર કેવી અસર પડી ?

(3) ગામડાંએ ટકવા માટે કેવા કેવા પ્રયત્નો કરવા પડશે ?

(5) બળવંતરાય મહેતા સમિતિએ કેવી કેવી ભલામણો કરી ?

(6) ગ્રામસભાનાં ખાસ નોંધપાત્ર પાસાં જણાવો.

**5.** નીચેના પ્રશ્નોના આઠથી દસ વાક્યો જવાબ આપો :

(1) ગ્રામસ્વરાજ અંગે ગાંધીજીના વિચારો રજૂ કરો.

(2) ગ્રામસ્વરાજની આજે શી જરૂર છે ?

(3) ગ્રામસભાને પૂર્ણ અધિકારો મળે તો કેવાં ફળ મળે ?

(4) ગામની શક્તિનાં દર્શન કરાવો.

(5) બંધારણના આર્ટિકલ-40માં શી જોગવાઈ કરવામાં આવી છે?

(6) આદિવાસી વિસ્તારની ગ્રામસભાના વિશેષ અધિકારો અને ફરજો જણાવો.

●